©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 11th JUNE, 2026/JYAISTHA 21, 1948 [Issue No. 24

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	349-356	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	5237-5486
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/મત ગણતરી/૦૯/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેની મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. મતગણતરી દરમ્યાન મતગણતરી કેન્દ્રોની આજુબાજુ કાયદો અને વ્યવસ્થાન પરિસ્થિતિ જળવાઈ રહે, કોઈ અનિચ્છિય બનાવ બનવા પામે નહી અને મત ગણતરીની કામગીરી શાંતિપૂર્વક ચાલી શકે તે માટે ચારથી વધુ વ્યકિતઓની મતગણતરી મથકોની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી ભરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવું વ્યાજબી અને આવશ્યક જણાયેલ છે.

સબબ, હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં એપ્રિલ-૨૦૨૬માં યોજાનાર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં થયેલ મતદાન અન્વયેના તમામ મતગણતરીની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છું કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહરક્ષક દળ, ગ્રામરક્ષક દળ આઈ.એસ.એફના સ્ટાફને કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

(૩) ચુંટણી અધિકારીશ્રી, પોલીસ અધિકારીશ્રી તેમજ મદદનીશ ચુંટણી અધિકારીશ્રી કે તેઓએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

(૪) લગ્નના વરઘોડાને.

(૫) સ્મશાન યાત્રાને

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧, એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામુ બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/મત ગણતરી/૧૦/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

મતદાનના દિવસે મતદાન મથક આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો શાંતિપૂર્વક મતદાન કરી શકે તે માટે મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર થી વધુ વ્યકિતઓની મંડળી ભરવા ઉપર તેમજ સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવું આવશ્યક છે.

સબબ, હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં એપ્રિલ-૨૦૨૬માં યોજાનાર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં થયેલ મતદાન અન્વયેના તમામ મતગણતરીની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છું કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહરક્ષક દળ, ગ્રામરક્ષક દળ, જી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રાને.

(૫) ચૂંટણી માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ (કયુ)ને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રીએ અને ચૂંટણી અધિકારીશ્રી અગર મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ અથવા અન્ય અધિકૃત અધિકારીશ્રીએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧ માહે, એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામુ બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/મતગણતરી/૧૨/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જે ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ટેકેદારો તરફથી ઈલેકટ્રોનીક મીડીયા માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંન્ટ્રોલરૂમ થી તથા ટીવી ચેનલના રાજ્ય, આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય તેમજ AM અને FM રેડીયો નેટવર્ક, સિનેમા ગૃહો વગેરેથી કરવામાં આવે છે. ચૂંટણી પંચએ ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તેમજ ચૂટણીપંચે જાહેર કરેલ આદર્શ આચારસંહિતાની અમલવારી સુનિશ્ચિત કરી શકાય, ચૂંટણી પ્રચાર સમયગાળા દરમ્યાન હરીફ ઉમેદવારો, રાજકીય પક્ષો, સામાન્ય નાગરીકો તરફથી આચાર સંહિતાનો ભંગ થયાની ફરીયાદો મળતી રહે છે, આવી ફરીયાદોમાં તથ્ય છે કે કેમ? તે ચકાસી શકાય તથા આદર્શ આચારસંહિતાનું કે સરકારશ્રીની પ્રવર્તમાન ચૂંટણી લક્ષી જોગવાઈઓનો કે અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાઓનો ભંગ થયેલ છે કે કેમ? તે ચકાસી જો ભંગ થયાનું જણાય તો તાકિદના ધોરણે સબંધિતો સામે યોગ્ય પગલા લઈ શકાય તે માટે નીચે જણાવેલ વિગતે આદેશ કરવો જરૂરી જણાય છે.

સબબ હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, સ્થાનિક કેબલ નેટવર્ક, ટીવી ચેનલ, સિનેમાગૃહો વગેરે દ્વારા ઈલેકટ્રોનીક પ્રસાર માધ્યમ તરીકે તેઓ તરફથી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુરી થતાં સુધીના સમયગાળા દરમિયાન પ્રત્યેક દિવસે સવારના ૦૬-૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૦૬-૦૦ કલાક સુધીમાં કરવામાં આવેલ પ્રસારણની પ્રત્યેક સીડી પુરા થતાં ચોવીસ કલાકના સમયગાળા બાદ તુરતજ સવારના ૧૦-૩૦ કલાક સુધીમાં ચૂંટણીની કામગીરીના નોડેલ અધિકાશ્રી (મીડીયા) અને સહાયક માહિતી નિયામકશ્રી, ગીર સોમનાથ-વેરાવળની કચેરી ખાતે રૂબરૂ પહોંચાડી, સી.ડી. પહોંચાડયા બદલ પહોંચ મેળવી રેકર્ડમાં જાળવવી તેમજ જરૂરીયાતના પ્રસંગે ૨૪ કલાક પુરા થતા પહેલા પણ કરવામાં આવેલ પ્રસારણની સીડી માંગવામાં આવે તો રજુ કરવાની રહેશે.

સહાયક માહિતી નિયામકશ્રી, આદર્શ આચારસંહિતાની અમલવારી અર્થે નિયુકત નોડલ અધિકારીશ્રી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રી તથા મદદ. ચૂંટણી અધિકારીશ્રીએ પણ જરૂરીયાતના કિસ્સામાં અમલવારી માટે તાકિદે કાર્યવાહી કરવી.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૦૧ માહે, એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

રાજયના ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ સુચનાની અમલવારી કરવા અંગેનું

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/મતગણતરી/૧૧/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેની મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા સારૂ રાજય ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનુ કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા તમામ ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહુ આચાર સંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

સબબ, હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું કે, સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ તમામ ડાક બંગલાઓ, સરકારી/અર્ધ સરકારી આરામગૃહો, વિશ્રામગૃહો, ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો, ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટો રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મિટિંગને પણ મંજુરી આપી શકાશે નહી.

ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવો સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવેલ હોય તેવા મહાનુભાવોને લાવતા-લઈ જતા વાહનોને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો તેઓ બે થી વધુ વાહનોનો વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

કોઈ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં

રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં, તથા અતિથિગૃહમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસેથી નકકી કરેલ સામાન્ય દરથી પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું બહાર પાડયા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી કરવાનો રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી તથા મદદ.ચૂંટણી અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

રાજયના ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ સુચનાની અમલવારી કરવા અંગેનું

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/મોબાઈલ ફોન/૦૮/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેની મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે.

ચૂંટણી સંદર્ભે ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે ચૂંટણી પંચ તરફથી મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુ બાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં અને મતગણતરીનાં દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશનાં નિયમન માટે ગોઠવાયેલ સિકયુરીટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. તેમજ સુચનાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી તેનુ સાધન ફરજ ઉપરના પોલીસ અધિકારીશ્રીએ જપ્ત કરવાનુ રહેશે અને ચૂંટણીનું પરિણામ જાહેર થાય બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે, તેવી સુચના થયેલ છે.

ઉપરોકત વિગતે ગીર સોમનાથ જિલ્લામાં એપ્રિલ-૨૦૨૬માં યોજાનાર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી સંદર્ભે તા. ૨૬-૦૪-૨૦૨૬નાં રોજ મતદાનનાં દિવસે તમામ મતદાન મથકોએ તેમજ જો પુનઃ મતદાન યોજવાનુ થાય તો તા. ૨૭-૦૪-૨૦૨૬નાં રોજ પુનઃમતદાનવાળા તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરના વિસ્તારમાં અને તા. ૨૮-૦૪-૨૦૨૬ નાં રોજ મતગણતરીનાં દિવસે તમામ મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સિકયુરીટી ફોર્સના વિસ્તારમાં મતદાન તેમજ મતગણતરી સંબંધે, સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ અને અધિકૃત પ્રવેશપત્ર ધરાવતા પત્રકારો સિવાયના કોઈપણ વ્યકિત સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જવાનો તથા તેનો ઉપયોગ કરવા અંગે હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ ફરમાવુ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી તે સાધન જે તે સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબીત થયેથી છ માસની સાદી કેદ અગર રૂા. ૨૫૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામુ બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૦૭/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

ચૂંટણીના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રસ્તે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય, જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના વચ્ચે મન દુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની પુરેપુરી સંભાવના રહે. તેથી સુલેહશાંતી ભંગ થવા સંભવ હોઈ, જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણીઓ દરમ્યાન વપરાતા વાહનોના દુરુઉપયોગ પર નિયંત્રણ કરવા હેતુ સારૂ સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું કે,

કૃત્યો :

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતીથી બીજી કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) ચૂંટણીમાં ઉમેદવારી કરતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહન વાપરવા હકકદાર રહેશે.

(૧) તેના પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાન વિભાગ પુરતુ એક વાહન.

(૨) આ ઉપરાંત યથા પ્રસંગ, તેના ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષનાં કાર્યકરોના ઉપયોગ માટે એક વાહન વાપરવા હકકદાર રહેશે.

(ગ) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન ચૂંટણી અધિકારી પાસે નોંધણી કરાવવાના રહેશે અને નોંધણી કરાવેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્ક્રીન પર ચોંટાડવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે છ માસની કેદ અથવા રૂા. ૨૫૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ, એ.આર.ટી.ઓ. કચેરીના સક્ષમ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામુ બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૦૬/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણીના કામે વાહનોનો ઉપયોગ થનાર છે. આ વાહનોના ઉપયોગના કારણે જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકશાન ન પહોંચે, મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયામાં વાહનોનો દુરઉપયોગ અટકે, ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય તથા ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગ બાબતે આક્ષેપ-પ્રતિઆક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વાહનોના ઉપયોગ માટે નિયમો કરવા જરૂરી જણાય છે.

સબબ, હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લામાં એપ્રિલ-૨૦૨૬ માં યોજાનાર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો-ટેકેદારો-ઉમેદવારો દ્વારા થનાર વાહનોના ઉપયોગ માટે નીચે મુજબના નિયમો કરી તેના અમલ માટે ફરમાન કરૂ છું.

(૧) ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૨૫ ની જોગવાઈ હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર સમિતિએ નીચેની શરતોએ ઉપરોકત ચૂંટણી દરમ્યાન ટ્રાન્સપોર્ટ વાહનો પર જાહેર પ્રદર્શિત કરવા પરવાનગી આપેલ છે.

(૧) આ વાહનમાં જાહેરાત એવી રીતે લગાડવાની રહેશે કે, ડ્રાઈવરને વાહન ચલાવતી વખતે આગળ-પાછળ તથા બંને બાજુએ વિઝનમાં અવરોધ ઉભો ન થાય.

(૨) માઈક કે ઓડીયો/વીડીયો/લાઉડસ્પીકરની મંજુરી સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે. વગર મંજુરીએ તેનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૩) સ્પીડ લીમીટ માટે સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓનો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે.

(૪) લોકતાંત્રિક વ્યવસ્થામાં ચૂંટણી સમયે આવી મંજુરી પ્રાદેશિક વાહનવ્યવહાર સતામંડળે નિયત કરેલ તારીખ સુધી અમલી રહેશે.

(૫) તમામ મંજુરી માટે નીચે મુજબનું ફી નું ધોરણ રાખવું.

વાહનનો પ્રકાર	ફીની રકમ
ટુ વ્હીલર/થ્રી વ્હીલર ટ્રાન્સપોર્ટ વાહન	રૂા. ૫૦૦/-
અન્ય ટ્રાન્સપોર્ટ વાહનો માટે	રૂા. ૧૦૦૦/-

(૬) ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરને વાહનો ચલાવવામાં અડચણ ન થાય તે રીતે ફીટીંગ કરવાનું રહેશે.

(૭) આવી પરવાનગી માગનાર વાહન માલિકના વાહનના તમામ દસ્તાવેજો જેવા કે, ટેક્ષ, પરમીટ, ફીટનેશ વગેરે અમલી હોવા જોઈએ.

(૮) મોટર વાહન અધિનિયમ તથા તેના હેઠળ ઘડેલ કેન્દ્રીય મોટર વાહન નિયમો તથા ગુજરાત મોટર વાહન નિયમોનું કડકપણે પાલન કરવાનું રહેશે.

(૯) જો ચૂંટણી સંબંધિત જાહેરાત પ્રદર્શિત કરવાની હશે તો ચૂંટણી અંગેના કાયદા તથા ચૂંટણી પંચે જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાનો કડકપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) સુરૂચીનો ભંગ કે અશ્લીલ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહીં.

(૧૧) વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર થાય એ રીતે કે વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર કરીને આવી કોઈ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહી.

(૧૨) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ના માર્ગ સલામતીના ધોરણો-જોગવાઈનો ભંગ થવો જોઈએ નહી.

સબબ, ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગની પરવાનગી આપનાર સક્ષમ અધિકારીશ્રીએ આ શરતો તથા તે સિવાયની અન્ય શરતો સાથે વાહનની મંજુરી આપવાની રહેશે તથા સંબંધકર્તાએ તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈ વ્યક્તિ દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોના ઉપયોગ કરવામાં આવે તેવા તમામ સત્તા ધરાવતા અધિકૃત અધિકારી પાસે, આવા પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરવાના રહેશે અને રજીસ્ટર કરાયેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને પરમીટ વાહનોની ઉપર સહલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્ક્રીન પર લગાવવાની રહેશે. આ પરમીટમાં વાહન ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની સ્પષ્ટ વિગતો પણ દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આવા વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેક્સી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, ઓટો રીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે. પરંતુ આ નિયંત્રણો માત્ર આજ વાહનો પુરતા મર્યાદિત રહેશે નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે છ માસની કેદ અથવા રૂા. ૨૫૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે આ ઉપરાંત મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ તથા ચૂંટણી આચાર સંહિતાના ભંગ બદલની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ, એ.આર.ટી.ઓ. કચેરીના સક્ષમ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામુ બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (ધ ક) તથા (ધ ખ) હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૦૩/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર્સ, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય, ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વિગેરે ઉપર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિગેરેના ઉપયોગ નિયંત્રિત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (ધ ક) તથા (ધ ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લામાં માહે એપ્રિલ-૨૦૨૬ માં યોજાનાર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી દરમ્યાન ખાનગી મિલકત/સ્થળ/જમીન પર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન તોરણ પોસ્ટર્ડ વિગેરે મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા ફરમાન કરૂ છુ.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દિવાલ પર લખાણ કરવા, પોસ્ટરો ચોંટાડવા, પાંટિયા/ઝંડા/લખાણો વિગેરે લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા પર, દિવાલ ઉપર લખાણ કરી શકાશે નહીં, પોસ્ટરો ચોંટાડી શકાશે નહી, પાંટિયા, ઝંડા, લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટો, કાર્યકર્તાઓ અને ટેકેદારો તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા તેમના પક્ષનો એક ઝંડો ફરકાવી શકશે પરંતુ શરત એ રહેશે કે તેઓ સ્વૈચ્છાથી અને કોઈપણ પક્ષ, સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદના સંકલ્પથી આમ કરતા હોય, આ જોગવાઈ હેઠળ રાજકીય જાહેરાતનાં સંદર્ભમાં કોઈપણ પ્રકારના કટઆઉટ, હોર્ડિંગ્સ અથવા બેનર્સ કોઈપણ ખાનગી મિલ્કત પર લગાડી શકાશે નહી.

(૩) સ્થાનિક કાયદાઓ જયાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દિવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, હોર્ડિંગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં, ચૂંટણી લડતા ઉમેદવારો અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલકતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને તેની ફોટો નકલો નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેમના દ્વારા કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા આ હેતુ માટે પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે ગામ/વિસ્તાર/નગરવાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનો

હુકમ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૧૩/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો તેમના ટેકેદારો-ઉમેદવારો દ્વારા ચોપાનીયા, ભિંતપત્રો વિગેરે દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારના સાહિત્યના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને, આચારસંહિતાનું પાલન થાય, કાયદો-વ્યવસ્થા જળવાય રહે, મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભિંતપત્રો વિગેરે સાહિત્યના મુદ્રણ અને પ્રકાશન બાબતે નિયમન કરવું જરૂરી જણાય છે.

સબબ હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભિંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ વ્યકિત જેના ઉપર તેના મુદ્રક અને પ્રકાશનના સ્પષ્ટ દેખાય આવે તે રીતે નામ-સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભિંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં અને આવા હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટ તથા કટઆઉટની સાઈઝ ૮ ફુટથી વધવી જોઈએ નહી.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભિંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં સિવાય કે :

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના નમુના-ક માં એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને,

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકએ ત્રણ દિવસની અંદર છાપકામ કરેલ લખાણની ચાર નકલો, પ્રકાશકના એકરારની એક નકલ તથા મુદ્રકે છાપકામ કરેલ દસ્તાવેજની નકલોની સંખ્યા અને મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચની વિગતો નમુના-ખ ની એક નકલ અત્રેની કચેરીને તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય,

(૩) આ કલમ પુરતુ :

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રકિયા મુદ્રણ ગણાશે અને ''મુદ્રક'' એ શબ્દનો તે પ્રમાણે અર્થ થશે અને

(ખ) ''ચૂંટણીને લગતુ ચોપાનીયું અથવા ભિંતપત્ર'' એટલે ઉમેદવાર કે ઉમેદવારોના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકુળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કોઈ છાપેલું ચોપાનીયું કે હેન્ડ બીલ અથવા બીજુ-ત્રીજુ લખાણ અથવા ચૂંટણીને લગતુ ભિંતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ માત્ર ચૂંટણી સભાની તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચૂંટણી એજન્ટ કે કાર્યકરોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડ બીલ કે ભિંતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે તેમજ મુદ્રણાલયોનું લાયસન્સ રદ કરવા પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૦૪/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં તમામ સ્તરે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જરૂરી નિયંત્રણો મુકવા આવશ્યક છે.

વાસ્તે હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી, અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓને ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે છ માસની કેદ અથવા રૂા. ૨૫૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ, એ.આર.ટી.ઓ. કચેરીના સક્ષમ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળનું

હુકમ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૦૫/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર્સ, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તથા ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિગેરેના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ-આઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા ફરમાન કરૂ છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા ઉપર દીવાલ ઉપર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાંટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમ છતા જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેર ખબરના સૂત્રો લખવાની, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાટીયા, ઝંડા વિગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધિન રહીને એમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક પક્ષ (પક્ષો) અથવા ઉમેદવાર(રો)નુ વર્ચસ્વ/ઈજારો ન હોય. તમામ પક્ષો અને ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમા, કોઈપણ ચૂંટણી જાહેર કરવામાં આવ્યા પછી આ હેતુ માટે આપવામાં આવેલી જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહી.

જાહેર મિલકતનો અર્થ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨ મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૪(૧) મુજબનો રહેશે. જાહેર મિલકતને નુકશાન પહોંચાડીને નુકશાન કરવાની બાબત સદરહું કાયદાની કલમ-૩માં દર્શાવ્યા મુજબની રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

એન. વી. ઉપાધ્યાય
જિલ્લા મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.06.11 09:11:40 IST